કોડિન સિરપના કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

સુરત: કોડિન સિરપના કેસમાં આરોપીની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી ભારત ગોપાલભાઈ તૈલીની લિંબાયત પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ આરપી ડોબરિયાએ હાજર થઈ જામીન અરજીનો વિરોધ કરી દલીલ કરી હતી કે આરોપી સપ્લાયર છે. આરોપી પર પહેલાના 12 ગુના છે. ટ્રાયલ દરમિયાન ભાગી જવાની શક્યતા છે. જેથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

રાંદેરમાંથી દેશી પિસ્ટલ સાથે યુવાન પકડાયો

સુરત: સ્થાનિક સ્વરાજની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી રોકવા માટે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે કાર્યવાહી કરી હતી. રાંદેર વિસ્તારના પીરામીડ આઈકોન બિલ્ડીંગની પાછળ, શ્રીજીનગરી રોડ, ઝઘડિયા ચોકડી પાસે જાહેર રોડ પરથી આરોપી આર્યન વિનોદભાઈ વાઘ (ઉ. વ. 19)ને દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે સાતેક મહિના પહેલા નિકુંજ નામના વ્યક્તિએ આ દેશી પિસ્ટલ તેને સાચવવા માટે આપી હતી. પરંતુ નિકુંજ લાંબા સમયથી સંપર્કમાં નહોતો આવતો અને પિસ્ટલ પરત લેવા આવ્યો નહોતો. તેથી આર્યને પિસ્ટલ વેચી દેવાનું નક્કી કરી તેને વેચાણ માટે લઈને ફરતો હતો.

ચેક રિટર્નનાં ત્રણ કેસમાં મહિલા આરોપીને એક-એક વર્ષની સજા

સુરત: ચેક રિટર્નનાં ત્રણ કેસમાં આરોપી જ્યોતિ દિનેશ જોષીને ત્રણેય કેસમાં એક એક વર્ષની સજા કોર્ટે ફટકારી હતી. કાપડનો ધંધો કરતા કમલેશ દલાલ પાસેથી આરોપી જ્યોતિએ વર્ષ ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન રૂા.૯,૦૨,૫૦૦ હાથ ઉછીની રકમ લીધી હતી. આ લેણી રકમ સંદર્ભે આરોપીએ રૂા.૮,૯૦,૦૦૦ની રકમનાં ૬ ચેક ફરિયાદીને આપ્યાં હતા. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ વત્સલ રેશમવાલા, દર્શન ગોદીવાલા મારફતે ત્રણ અલગ અલગ ફરિયાદ કોર્ટમાં કરી હતી. આ ત્રણેય કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી જ્યોતિને દરેક કેસમાં એક વર્ષની સાદી કેદ અને રૂા.૧૭,૬૦,૦૦૦ ચેકની રકમનું વળતર ફરીયાદીને ચુકવવાનો હુકમ કર્યો હતો.

ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના હુકમ સામેની અપીલ ફગાવાઈ

સુરત: હાથ ઉછીની રકમના ચેક રીટર્નના કેસમાં આરોપીને કોર્ટે ફટકારેલી એક વર્ષ કેદની સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ગોડાદરા મણીભદ્ર કેમ્પસનાં ફરિયાદી સાર્થ દેવરાએ આરોપી કુંભારામ જાની (અંબિકા ટાઉનશીપ, ડિંડોલી) સામે રૂા.૩૧.૫૦ લાખનાં ચેક રિટર્નની બે ફરિયાદમાં ટ્રાયલ કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. જે હુકમથી નારાજ થઈ આરોપીએ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ કે. એન. પ્રજાપતિની કોર્ટમાં અપીલ કરી હતી. મૂળ ફરિયાદી પક્ષે વકીલ ધર્મેશ ગાંધી, સમીરા મલેકે દલીલ કરી હતી. બંન્ને પક્ષની દલીલો બાદ સેશન્સ કોર્ટે આરોપીની અપીલ રદ કરી ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત્ રાખ્યો હતો.

'તું મને બહુ ગમે છે અને તું અત્યારે મારા ઘરે ચાલ'

શાળાએથી ઘરે જતી વિદ્યાર્થિનીને ફ્લેટમાં ખેંચવાની કોશિશ કરી

સુરત: સુરતના વરાછા વિસ્તારમાં એક લંપટ આધેડે ૧૫ વર્ષની કિશોરીની છેડતી કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વરાછા માતાવાડી વિસ્તારમાં રહેતા અને મૂળ રાજકોટના ધોરાજીના મોટીમારડ ગામના વતની ભરત રવજીભાઈ જાગાણી (ઉ.વ. ૪૫) વિસ્તારમાં જ ગેરેજ ચલાવે છે. ગત તારીખ ૧૨/૦૩/૨૦૨૬ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે આ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી શાળાએથી અભ્યાસ કરી ઘરે પરત ફરી રહી હતી. ત્યારે અચાનક જ લંપટ ભરત તેની સામે આવી ગયો હતો. તેણે જાહેરમાં તેનો હાથ પકડી લીધો હતો. તેણે કિશોરીને નિર્લજ્જતાની હદ વટાવીને કહ્યું હતું કે, 'તું મને બહુ ગમે છે અને તું અત્યારે મારા ઘરે ચાલ.' આટલું કહીને તેણે કિશોરીને બળજબરીપૂર્વક ફ્લેટની અંદર ખેંચી જવાની કોશિશ કરી હતી. જોકે, હિંમતવાન કિશોરીએ ગભરાવાને બદલે આધેડને જોરદાર ધક્કો માર્યો હતો અને તેના પંજામાંથી છૂટીને રડતી રડતી પોતાના ઘરે પહોંચી હતી. ઘરે પહોંચેલી કિશોરીએ આખી આપવીતી પોતાના માતા-પિતાને જણાવી હતી. જેથી પરિવારે તાત્કાલિક વરાછા પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

સુરતના રાંદેર-અડાજણ વિસ્તારમાં 20 એપ્રિલે સાંજે પાણી નહીં મળે

પાણીની મેઈન લાઈનને જોડવાની સાથે વાલ્વ ફિટિંગની કામગીરી કરવામાં આવશે

સુરત: સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા રાંદેર વિસ્તારમાં જોગાણીનગર જળવિતરણ મથક ખાતે મેઈન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. અડાજણ સ્થિત આ જળવિતરણ મથકમાંથી અપાતા પાણીના પ્રેશરમાં સુધારો કરવા માટે હયાત મુખ્ય કોમનહેડર લાઈનમાંથી નીકળતી નળીકા પર વાલ્વ ફિટિંગ તથા ટાંકીઓ ભરવા માટેની રાઈઝીંગ મેઈન લાઈનને જોડવાની કામગીરી કરવામાં આવશે. આ ટેકનિકલ કામગીરીને પગલે તા. 20/04/2026, સોમવારના રોજ સાંજે 5.30 થી 8.50 કલાક દરમિયાન અપાતો પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે.

પાણી કાપથી પ્રભાવિત થનારા વિસ્તારો

મેરૂલક્ષ્મી સોસાયટી, રંગઅવધુત સોસાયટી વિભાગ-૩, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સુમન સંધ્યા આવાસ, હયાત રેસીડેન્સી, રોયલ હેરીટેજ, કોઝ-વે ની આસપાસની સોસાયટીઓ. શાશ્વત કોમ્પ્લેક્સ, રીયલ કેદાર ભવન, સાકાર રો હાઉસ, ગોવિંદનગર, સહજધામ રો હાઉસ, વસંત વિહાર રો હાઉસ, સનાઈ રેસીડેન્સી, પરશુરામ ગાર્ડન, LP સવાણી સ્કુલ, સુમન વિહાર, મિલન પાર્ક, ગ્રીન વેલી રેસીડેન્સી, શુકન રેસીડેન્સી, શુભમ પાર્ક, યમુના કોમ્પ્લેક્સ, પ્રવેગ રો હાઉસ, ઋતુરાજ રો હાઉસ, સજની રો હાઉસ, મહર્ષિ અરવીંદ સોસાયટી. રામકુટીર રો હાઉસ, ભાગ્યનિધી રો હાઉસ, સાંઈ જયોત રો હાઉસ, શીખર કોમ્પ્લેક્સ, વિશાલ રો હાઉસ, પાલવ રો હાઉસ, ગોવર્ધન પાર્ક, સરગમ પાર્ક, જલારામ નગર, ક્રિસ્ટલ કોમ્પલેક્સ, અક્ષારધામ સોસાયટી, શીવ આશિષ, રાધા પાર્ક, ડી-માર્ટ, સૂર્યોદય કોમ્પ્લેક્સ, કરણ પાર્ક, હરીદર્શન સોસાયટી, રામેશ્વર સોસાયટી, યમુના કોમ્પ્લેક્સ, ઉમિયા પાર્ક, હરીદ્વાર સોસાયટી, આત્મન પાર્ક. માતૃ છાયા રો હાઉસ, સાંઈ વિહાર રો હાઉસ, મણીનગર સોસાયટી, કેદાર પાર્ક, સાંઈ લીલા રો હાઉસ, આશાનગર, શિવ રો હાઉસ, સંસ્કાર પાર્ક, ઉમા પાર્ક સોસાયટી, કૃપા સૃષ્ટિ, ક્રિષ્ણ સૃષ્ટિ, હરીઓમ નગર, મણી રત્ન એપાર્ટમેન્ટ એન્ડ રો હાઉસ, શ્રીનાથ સોસાયટી, રેવાનગર સોસાયટી, નવરંગ સોસાયટી, કંકુનગર, પ્રસંગ રેસીડેન્સી, વેસ્ટર્ન વીલા, ગ્રીન એવેન્યુ, ટીજીબી રેસ્ટોરન્ટ, ગુરૂકૃપા સોસાયટી, વિષ્ણુ સોસાયટી, યોગેશ્વર પાર્ક, રેખા પાર્ક તથા તેની આસપાસના વિસ્તારો. વધુમાં, રાંદેર ગામતળ અને આસપાસની સોસાયટીઓમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી અથવા નહિવત મળવાની શક્યતા રહેશે.

ચોમાસા પહેલા ખેતરોમાં ટ્રેક્ટર દોડવા લાગ્યાં

■ ચોમાસું આવવાના એકાદ બે મહિના બાકી હોય ત્યારથી જ ખેડૂતો તૈયારીમાં લાગી જાય છે. ત્યારે શહેરની આસપાસ આવેલા ગામોમાં ખેડૂતોએ ખેતર ખેડવાનું શરૂ કર્યું છે. **(તસવીર : સતીષ જાદવ)**

'ભાજપની દલાલી બંધ કરો', વરાછામાં આપ કાર્યકરો અને મનપાની ટીમ આમનેસામને

તમે ભાજપનાં બેનર કેમ ઉતારતા નથી?, કલાકો સુધી શાબ્દિક યુદ્ધ ચાલ્યું

'ભાજપની દલાલી બંધ કરો' જેવા ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને મનપાની દબાણ ખાતાની ગાડી અટકાવી દીધી હતી. મામલો એટલો બિચક્યો હતો કે અધિકારીઓ અને કાર્યકરો વચ્ચે કલાકો સુધી શાબ્દિક યુદ્ધ ચાલ્યું હતું અને અંતે તંત્રએ કામગીરી કર્યા વગર જ પરત ફરવાની નોબત આવી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

સુરત: વરાછા વિસ્તારમાં ચૂંટણી પ્રચારના ગરમાવા વચ્ચે વોર્ડ નં.૩માં આપના ચૂંટણી કાર્યાલય પાસે લાગેલાં બેનર્સ અને ઝંડા ઉતારવા માટે જ્યારે મનપાની ટીમ પહોંચી, ત્યારે કાર્યકરોએ તેમને ઘેરી લીધા હતા અને ભાજપના ઈશારે કામગીરી થતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. રોષે ભરાયેલા કાર્યકરોએ અધિકારીઓને સવાલ પૂછ્યા હતા કે,''શું તમને ભાજપનાં ગેરકાયદે બેનર્સ અને દબાણો દેખાતાં નથી? માત્ર વિરોધ પક્ષને જ કેમ ટાર્ગેટ કરવામાં આવે છે?'' કાર્યકરોએ

વડોદમાં યુવાનને જાહેરમાં રહેંસી નાંખનાર ઝડપાયો

પોલીસથી બચવા માટે પ્રયાગરાજમાં સંતાયો હતો

સુરત : વર્ષ ૨૦૨૫માં પાંડેસરા વિસ્તારમાં સામાન્ય ઝઘડામાં યુવકની કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયેલા ખૂંખાર આરોપી અભિષેક ઉર્ફે બાદલ વિશ્વકર્માને પોલીસે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતેથી ઝડપી પાડ્યો છે.

ગઈ તા. ૦૪/૦૯/૨૦૨૫ના રોજ પાંડેસરા પોલીસ સ્ટેશનની હદમાં વડોદ સ્થિત બાપુનગર સોસાયટીના નાકે જાહેરમાં હિંસક લોહીયાળ ખેલ ખેલાયો હતો. આરોપી અભિષેક ઉર્ફે બાદલ સુરેશભાઈ રામનાથ વિશ્વકર્માએ તેના અન્ય સાગરીતો સાથે મળીને સંદિપસિંગ ઉર્ફે તીસરી રાકેશસિંગ રાજપૂત નામના યુવક પર હુમલો કર્યો હતો. કોઈ અંગત અદાવત કે તકરારને કારણે થયેલા આ ઝઘડામાં આરોપીઓએ તીક્ષ્ણ હથિયારો વડે સંદિપસિંગના પેટ, છાતી, પડખા તેમજ માથા અને હાથ-પગના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. આ કરપીણ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે સંદિપસિંગનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ ૨૦ વર્ષીય આરોપી અભિષેક ઉર્ફે બાદલ પોલીસથી બચવા માટે સુરત છોડી પોતાના વતન ઉત્તર પ્રદેશ નાસી ગયો હતો. પાંડેસરા પોલીસને બાતમી મળી હતી કે આરોપી હાલ પ્રયાગરાજ (અલ્હાબાદ) વિસ્તારમાં છુપાયેલો છે. જેના આધારે પોલીસની એક ટીમ યુપી રવાના કરવામાં આવી હતી. સ્થાનિક પોલીસની મદદ અને ચોક્કસ લોકેશનના આધારે પોલીસે ઘડતમાંપ (જી. મહોબા) ના મૂળ વતની એવા અભિષેકને દબોચી લીધો હતો.

ઘોડદોડના વેપારી સાથે 25.75 લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

ગોલ્ડ ટ્રેડિંગના નામે સરેલાવાડીના વેપારી સાથે ઠગાઇ કરી હતી

વેપારીને વિશ્વાસમાં લેવા માટે એક બનાવટી વેબસાઈટની લિંક મોકલી તેમાં આઈ.ડી. જનરેટ કરાવી હતી

સુરતઃ શહેર સાયબર ક્રાઈમ સેલે ગોલ્ડ ટ્રેડિંગમાં ઉંચા વળતરની લાલચ આપી રોકાણકારોના ખિસ્સા ખાલી કરતી આંતરરાજ્ય ગેંગના એક મહત્વના સાગરીતને હાલોલ (પંચમહાલ)થી પકડી લીધો છે. ઘોડદોડ રોડના એક વેપારીને ગોલ્ડ ટ્રેડિંગના માયાવી જાળમાં ફસાવી તેની પાસેથી ૨૫.૭૫ લાખ રૂપિયા પડાવનાર આરોપીના એક જ એકાઉન્ટ દ્વારા દેશભરમાં આઠ કરોડથી વધુનું ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે.

ઘોડદોડ રોડ સરેલાવાડી ખાતે મેઘધનુષ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી પુનીત પ્રેમચંદ ખેમકાનો સંપર્ક કરી ઠગોએ તેમની ઓળખ NGGF Gold કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી.

વેપારીને વિશ્વાસમાં લેવા માટે એક બનાવટી વેબસાઈટની લિંક મોકલી તેમાં આઈ.ડી. જનરેટ કરાવી હતી.

ગોલ્ડ ટ્રેડિંગમાં જંગી નફો મળશે તેવી લાલચ આપી ઠગોએ પુનીતભાઈ પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૨૫,૭૫,૭૦૦ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. વળતર તો દૂરની વાત રહી, પરંતુ પોતાની મૂડી પણ પરત ન મળતા વેપારીએ તત્કાલ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનર ડો. કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એ.એમ. મોરીની ટીમે તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ એનાલિસિસમાં જાણવા મળ્યું કે છેતરપિંડીની રકમ પંચમહાલના હાલોલ ખાતે રહેતા ઘનશ્યામ કનુભાઈ ઠક્કર (ઉ.વ. ૪૬)ના બેંક ઓફ બરોડાના ખાતામાં જમા થઈ હતી. સાયબર સેલે હાલોલ ખાતે દરોડો પાડી ઘનશ્યામને ઝડપી લીધો હતો. બી.કોમ થયેલો આ આરોપી હાલ બેકાર છે અને કમિશનની લાલચે સાયબર માફિયાઓ માટે કામ કરતો હતો.

ઘોડદોડ રોડની મહિલા વકીલને ત્યાં 30 લાખની ચોરી

રંગારાઓ મહિલા વકીલને ચૂનો ચોપડી ગયા હોવાની શંકા

પાંડેસરાની ઘરઘાટી મહિલાની સંડોવણીની શક્યતા

સુરતઃ ઘોડદોડ રોડ સ્થિત સરેલાવાડી સ્થિત સિદ્ધિવિનાયક એપાર્ટમેન્ટમાં રહેતા મહિલા વકીલના બંધ ઘરની તિજોરી તોડી અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂપિયા ૩૦.૦૯ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા છે.

આ મામલે ઉમરા પોલીસે ઘરકામ કરતી મહિલા અને સોસાયટીમાં કલર કામ કરતા મજૂરો સામે શંકાની સોંય તાકી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

મૂળ મહીસાગરના વતની અને હાલ ઘોડદોડ રોડ પર વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા વનિતાબેન કલ્પેશકુમાર ત્રિવેદી ગત તા. ૨૯/૦૩/૨૦૨૬ના રોજ પરિવાર સાથે કોઈ કામ અર્થે બહાર ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હતું. જેથી ઘરમાં ઘૂસેલા તસ્કરો તિજોરીમાં રાખેલા લાખોના દાગીના પર હાથફેરો કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.

વનિતાબેનના ઘરે રમીલાબેન સુખાલાલ રાઠવા (રહે. પાંડેસરા) નામની મહિલા ઘરકામ કરતી હતી. છેલ્લા એક મહિનાથી સોસાયટીમાં કલર કામ ચાલતું હોવાથી વનિતાબેને આ રમીલાબેનને મજૂરો પર દેખરેખ રાખવાની જવાબદારી પણ સોંપી હતી. પોલીસ ફરિયાદ મુજબ, વનિતાબેન ઘરે હાજર ન હતા ત્યારે રમીલાબેન પાસે ઘરની જવાબદારી હતી. આથી, રમીલાબેને પોતે અથવા કલર કામ કરતા મજૂરો સાથે મળીને આ ચોરીને અંજામ આપ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. જેમાં તેઓ સોનાનો લાંબો હાર, ટૂંકો હાર, ટીકો, કાનની શેર બુટ્ટી, બે સોનાની ચેઈન,૨૦-૨૦ ગ્રામની બે લગડી (કુલ કિંમત ૨૮.૬૮ લાખ),રોકડા રૂપિયા ૧.૪૦ લાખ મળી કુલ ૩૦,૦૯,૦૦૦/-મત્તાની ચોરી કરી હતી.

ઘટનાની જાણ થતા જ ઉમરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વનિતાબેનની ફરિયાદના આધારે પોલીસે શંકાસ્પદ રમીલાબેન અને અન્ય અજાણ્યા મજૂરો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

કરોડોની ઠગાઈમાં ડિંડોલીના રાધિકા હોમ્સના બિલ્ડરના આગોતરા નામંજૂર

રોકાણકારો અને ફ્લેટ ધારકો પાસેથી કરોડો ઉઘરાવી લેનાર બિલ્ડર અશોક પટેલે ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રાધિકા હોમ્સના બિલ્ડરોએ રોકાણકારો અને ફ્લેટ ધારકો સાથે કરોડો રૂપિયાની કરેલી છેતરપિંડી કેસમાં આરોપી અશોકભાઈ નરશીભાઈ પટેલની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

ડિંડોલી પોલીસ સ્ટેશને સુમુલ ડેરી રોડ શાંતિ નિકેતન સોસાયટીમાં રહેતા અને રોકાણકાર રામજીભાઈ અરજણભાઈ બધીવાલાએ રાધિકા હોમ્સના ત્રણ બિલ્ડર રમેશ ગોરધન કથીરિયા, અશોક નરશી પટેલ અને નવીન ગોરધન સામે રૂ.૮૪.૯૫ લાખ સહિત કરોડો રૂપિયાની ઠગાઈની ફરિયાદ કરી હતી. આ કેસમાં સરથાણાના આરોપી અશોક પટેલે ધરપકડથી બચવા માટે કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

સરકાર પક્ષે એપીપી કેડી ખૈરનાર અને મૂળ ફરિયાદી તરફે વકીલ વિપુલ રૂપારેલિયાએ હાજર થઈ જામીન અરજીનો વિરોધ કર્યો હતો. મૂળ ફરિયાદ પક્ષે સોગંદનામું રજૂ કરાયું હતું. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

એસ.આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ દ્વારા MBA કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

સુરત: સુરત સ્થિત એસ.આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા "MBA: અનલોકીંગ ફ્યુચર કેરિયર ઓપોર્ચ્યુનિટીસ" વિષયક માર્ગદર્શન સેમિનારનું આયોજન તા. 16 એપ્રિલ 2026ના રોજ સવારે 10:00 વાગ્યે SU સેમિનાર હોલ, અથવાલાઇન્સ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં MBA અભ્યાસક્રમ, વિવિધ સ્પેશિયલાઇઝેશન અને મેનેજમેન્ટ ક્ષેત્રમાં કારકિર્દીની તકો અંગે સાથે જ વર્તમાન ઉદ્યોગના ટ્રેન્ડ્સ અને અપેક્ષાઓ અંગે પણ માહિતી આપવામાં આવશે. સેમિનારમાં વિક્રમ ચંપાનેરિયા (NJ Group), પ્રો. મહુલ ઠક્કર (નવસારી કૃષિ યુનિવર્સિટી) અને ડો. હિરેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નિષ્ણાત માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમમાં સાર્વજનિક યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ આશિષ વકીલ, પ્રોવોસ્ટ ડો. કિરણ પંડ્યા, ચેરમેન રીપ્રેસેન્ટેટિવ સી.એ. યતિશ પારેખ તથા ડિરેક્ટર ડો. જીમી એમ. કાપડીઆ પણ હાજર રહીને આશિર્વચન આપશે.

વિવિધ સમાજ દ્વારા મધર્સ મિલ્ક ડોનેટ કેમ્પ યોજાયો

સુરત: સ્મીમેરની યશોદા મિલ્ક બેંક, સુરત પીડિયાટ્રીક એસો., શ્રી સુરતી મોઢ વણિક મહિલા મંડળ, કચ્છ કડવા પાટીદાર સમાજ મહિલા મંડળ, અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ, સુરતના સંયુક્ત સથવારે મિલ્ક ડોનેટ કેમ્પ સ્પોન્સર કુંજભાઈ પનસારીના સાથ સહકારથી યોજવામાં આવ્યો હતો. જેમાં યશોદા મૈયા લાયન્સ ક્લબ પર ૧૧૫ ધાત્રી માતાઓ દ્વારા ધાવણદાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુરત પીડિયાટ્રીક એસો.ના ડો. કેતનભાઈ ભરડવા, ડો. પ્રફુલ્લભાઈ, ડો. ચેતનભાઈ, ડો. પ્રશાંતભાઈ, ડો.સોની, ડો. અશ્વિનીબેન, ડો. અક્ષતભાઈ હાજર રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા માટે સ્મીમેરના ડો. નિરાલી બેન મહેતા, સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ, સુરતી મોઢ વણિક મહિલા મંડળના બહેનો, કચ્છ કડવા પાટીદાર સમાજની મહિલાઓ, મહિલા પરિષદ બૃહદ સુરત શાખાની બહેનોએ જહેમત ઉઠાવી હતી. મીનાક્ષીબેન બોડાવાલા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

વરાછા કો-ઓપ. બેંકના નવનિયુક્ત હોદ્દેદારોએ વિધિવત ચાર્જ સંભાળ્યો

સુરત: ગુજરાત રાજ્યની સહકારી બેંકિંગ ક્ષેત્રમાં મલ્ટી સ્ટેટના દરજ્જા સાથે અગ્રીમ સ્થાન ધરાવતી ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત માં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. ચૂંટાયેલા સભ્યોની પેનલને મંજૂરી મળ્યા બાદ ચેરમેન નરેન્દ્રભાઈ કુકડીયા અને વાઈસ ચેરમેન CA હરેશભાઈ કાપડિયાની આગેવાની હેઠળ નવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વિધિવત રીતે બેંકનો ચાર્જ સંભાળ્યો છે. અન્ય ડિરેક્ટર્સમાં કાંતિભાઈ બી. મારકણા, બાબુભાઈ એલ. રાદડિયા,ભદ્રેશભાઈ આર. લખાણી,બીપીનભાઈ એમ. વિરાણી,સી. પી. વાનાણી,હરિભાઈ આર. કથીરીયા,મનહરભાઈ જી. સાસપરા, નૈષધભાઈ એ. જાસોલિયા,રાજેન્દ્રભાઈ એલ. બાંભરોલીયા,વલ્લભભાઈ એમ. ચોથાણી,વિનોદભાઈ એમ. માયગ્રા,શારદાબેન જી. લાઠીયા,વૈશાલીબેન એસ. પટેલે બેંકના વિકાસને વધુ ગતિ આપવા અને સભાસદોના અતૂટ વિશ્વાસને કેળવવા ઉત્સાહપૂર્વક પોતાની જવાબદારીઓ સંભાળી છે.

પંચમ્ ગ્રુપ દ્વારા લક્ષ્મીકાંત-પ્યારેલાલનાં ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરત: 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૬૮મો સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલના ગીતોનો જાહેર કાર્યક્રમ ૧૨મી એપ્રિલના રવિવારે કલરવ સ્ટુડિયો, પાલ સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, એડવોકેટ વસંત રાઠોડ, આશિષ દારૂવાલા, અનિલ દલાલ, નૈષધ શુક્લા,જય વ્યાસ, રીમા શર્મા, હરેશ ભટ્ટી, ઘનસુખ શાહ, નીના ચિંચગર, જેનિસ સોપારીવાળા, જસ્સી પટેલ, ગાર્ગી કાપડીયા,અને શીતલ વકિલવાળાએ લક્ષ્મીકાંત પ્યારેલાલના ગીતો રજૂ કર્યા હતા. સંચાલન જય વ્યાસે કર્યું હતું.

સત્તા, સંપત્તિ, સૌંદર્ય અને શક્તિવિકાસ માટે જીવન વેડફી નાંખવાનું નથી: પદ્મદર્શનસૂરિજી

મુંબઈ: મુંબઈ કાંદિવલી (પશ્ચિમ)ના શંકરગલી શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયના શ્રી મહાવીર નગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ ખાતે વૈયાવચ્ચ પ્રેમી મુનિ શ્રી જ્ઞાનહંસવિજયજી મહારાજના વર્ષીતપના પારણોત્સવ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થયું છે. આ પાવન અવસરે યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાનાં શિષ્યરત્ન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિ મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થતાં શ્રી સંઘ તરફથી બેન્ડ સાથે સામૈયું રાખવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવુકો જોડાયા હતા. પ્રવેશ બાદ પ્રવચન અને સાધર્મિક ભક્તિ વર્ધમાન સંસ્કારધામ દ્વારા રાખવામાં આવી હતી. ધર્મસભાને સંબોધતા આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, માનવભવ ખાવા-પીવા, મોજમજા અને જલશાબાજી માટે નથી મળ્યો. મૂલ્યવાન એવો મનુષ્યભવ આત્મસાધના માટે મળ્યો છે. સત્તા, સંપત્તિ, સૌંદર્ય અને શક્તિવિકાસ માટે જીવન વેડફી નાંખવાનું નથી. પ્રભુએ આત્માના આરોગ્ય માટે કરણ, કરાવણ અને અનુમોદન માટે ત્રણ પ્રકારનો ધર્મ બતાવ્યો છે. આત્મસ્વરૂપના પ્રાગટ્ય માટે કાં તો તપ જોઈએ અને કાં તો તાપ (પશ્ચાતાપ) નામનો ધર્મ જોઈએ.

માહે ઝુલકઅદહ હિજરી સન-૧૪૪૭નો ચાંદ દેખાયો

સુરત: રાંદેર ચાંદ કમિટી તરફ થી એલાન કરવામાં આવે છે કે માહે ઝુલકઅદહ હિજરી સન ૧૪૪૭ નો ચાંદ તા : ૧૮/૦૪/૨૦૨૬ શનીવારના રોજ દેખાયો હોવાથી માહે ઝુલકઅદહ નો પહેલો ચાંદ તા : ૧૯/૦૪/૨૦૨૬ ને રવિવારે ગણવો. એવી જ રીતે સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમીટી આસ્તાના-એ-હઝરત ખ્વાજા દાના (રહેમતુલ્લાહે અલયહે) દ્વારા એલાન કરવામાં આવ્યું છે કે, હિજરી સન ૧૪૪૭ માહે ઝિલકઅદહ મુબારકનો ચાંદ અંગ્રેજી તારીખ ૧૮/૦૪ /૨૦૨૬ શનિવાર બાદ નમાઝે મગરીબ દેખાયો છે.તેથી ચાંદની પહેલી તારીખ ૧૯/૦૪/૨૦૨૬ રવિવારની ગણવી.